## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ, તમે પૈસા ન માંગશો... તમારા માનમાં મે જોરજોરથી થાળી વગાડી હતી તેમાં જ હાથની દવા લેવા આવવું પડ્યું...!

## વાત-વાતમાં.....

- ગાંધીનગરમાં સિવિલ હોસ્પિટલના તમામ કર્મચારીઓને માસ્ક પુરાં પાડવામાં આવ્યાં છે. આ માસ્ક ડિસ્પોઝેબલ છે જેથી દર વખતે કર્મચારીઓએ નવા માસ્ક ઉપયોગમાં લેવાના રહેશે.
- સિવિલ હોસ્પિટલમાં કોરોના વાઈરસ સંક્રમણને પગલે વિવિધ પગલાં લેવામાં આવી રહ્યાં છે. હવે સિવિલ હોસ્પિટલમાં તાવ માટેના કેસોનો ધસારો વધતા ખાસ ફિવર ઓપીડી અલગથી શરૂ કરવામાં આવી છે.
- સિવિલ હોસ્પિટલમાં સેવાઓ આપતા મમતા રાજપૂત નામના કર્મચારી જ્યારે જ્યારે તેમની ફરજ પુરી કરીને ઘરે જવા નીકળ્યા ત્યારે કોઈ જ વાહન ન મળતા પગપાળા જઈ રહ્યાં હતા. આ સમયે એક પત્રકારે તેમને જોતા પોતાની કારમાં તેમને ઘર નજીક પહોંચાડવાની સેવા પુરી પાડવામાં આવી હતી.
- શહેરના માર્ગો પર જનતા કરફ્યુના લીધે કૂતરાં પણ વિસ્મયથી આમતેમ ફરતા અને કેટલાંક તો ભૂખના માર્યા રડતાં પણ નજરે ચડ્યાં હતા. જનતા કરફ્યુનું શહેરીજનોએ એટલી હદે ગંભીરતાથી પાલન કર્યુ હતુ કે કૂતરાંને રોટલી નાંખવા સુદ્ધા નગરજનો બહાર નીકળ્યાં નહોતા.

## રાયપુર ગામેથી જુગાર રમતા ત્રણ શકુનીઓ ઝડપાયા


ગાંધીનગર જિલ્લાના રાયપુર ગામે જુગાર રમતા ત્રણ શખ્સો ઝડપાયા છે. જનતા કર્ફ્યુ નિમિતે ડભોડા પોલીસ સ્ટેશનનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીમા હતો.ત્યારે જુગાર અંગે બાતમી મળી હતી, જેને પગલે પોલીસે રાયપુર ગામે નદીના કિનારે આવેલ બાવળની ઝાડીઓમાં જુગાર રમતા ત્રણને ઝડપી પાડ્યા હતા. જેમાં રાયપુર ગામના જ રાજેશજી શકરાજી ઠાકોર(ઉં.વ.૩૭ રાયપુર બસ સ્ટેન્ડ બાજુમા), કાળાજી પ્રભાતજી ઠાકોર તેમજ નિકુલ દિપાજી ઠાકોર (૨૦ વર્ષ રામપીરવાળો વાસ)નો સમાવેશ થાય છે. જુઓ પાસેથી પોલીસે ૧૧૪૦ રૂપીયા રોકડા જપ્ત કરી ત્રણેય સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પીડીપીયુ માર્ગ પર કાર-બાઈક વચ્ચે અકસ્માત : એકનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર અમદાવાદ માર્ગ પર પીડીપીયુ પાસે ગત રાત્રીના સુમારે બાઈક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક પર સવાર માર્ગ પર પટકાયા હતા. જેમાં બાઈકની પાછળ બેઠેલ યુવાનને અન્ય સામેથી આવી રહેલી કાર નીચે આવી જતા કિલોમીટર સુધી ઢસડાયો હતો. માથામાં અને શરીરે ગંભીર ઈજાને પગલે યુવાનનું સ્થળ પર મૃત્યું નિપજયુ હતું.જયારે અન્ય યુવકને વધુ ઈજાને પગલે અમદાવાદ સિવિલ સારવાર માટે ખસેડાયો હતો. જયારે અકસ્માત એટલો ગંભીર હતો કે બાઈકના બે ટુકડા થઈ ગયા હતા. બનાવને પગલે સ્થાનિક નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા.જયારે ઈન્ફોસીટી પોલીસે બે કાર માલિકો સામે ગુનો નોંધી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના ગોળવંટા ગામના





આનંદ કાળાજી સોલંકી અને પ્રકાશ રાજુભાઈ ઠાકોર માર્કેટીંગની ખાનગી નોકરી કરતા હતા. શનિવારના રોજ રાત્રીના સુમારે તેઓ બાઈક લઈને ઘર તરફ જઈ રહ્યા હતા. ત્યારે રાયસણ પીડીપીયુ માર્ગ પર બેફામ ગતિએ ગફલતભરી રીતે હંકારી કારના ચાલકે બાઈકને ટક્કર મારી હતી. કારની ટક્કર એટલી તીવ્ર હતી કે બાઈકનું આગળનું વ્હીલ જ નીકળીને અડધો કિલોમીટર દુર પડ્યું હતું. અકસ્માત બાદ કાર નં.જી.જે.૨૭.સી.-૨૯૩૮ માર્ગની બાજુમાં આવેલા સાઈન બોર્ડ સાથે ટકરાઈને ઉભી રહી ગઈ હતી. અકસ્માત બાદ બાઈક ચાલક આનંદ સોલંકી ત્યાં જ પડી ગયોહતો.જયારે પાછળ બેઠેલ પ્રકાશ બાઈક પરથી નીચે પડતા સામેથી આવી રહેલી જી.જે.૦૧. આર.વી.-૪૩૮૪ બ્રેઝાકાર નીચે આવી જતા દોઢ કિલોમીટર સુધી ફસાઈ જતા ઢસડાયો હતો. જેથી માથાના ભાગે તેને ગંભીર ઈજાઓ પહોંચતા તેનુ ઘટના સ્થળે જ મૃત્યું નિપજયુ હતુ. જયારે આનંદ સોલંકીને ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ ખાતે રીફર કરાયો હતો. બનાવ અંગે મૃતકના કાકા દિપકકુમાર વજાજી ઠાકોરની ફરીયાદને પગલે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગઈકાલે મોડી સાંજે સે. ૨૬માં વીજ સપ્લાય કરતુ ટ્રાન્સફોર્મર બળી જતાં આજે વહેલી સવારે વીજ પુરવઠો ચાલુ થયો હતો. લોકોએ રાત્રિ અંધકારમાં જ પસાર કરી હતી.
- આજે રવિવારના દિવસે પણ જિલ્લા આરોગ્યતંત્રની ટીમોએ કામકાજ અને કચેરીઓ ચાલુ રાખી હતી.
- ગાંધીનગર શહેરમાં આજે પાંચ વાગે પોલીસતંત્રની ગાડીઓએ પણ સાયરન વગાડી અને અભિવાદન કર્મયોગીઓનું કર્યુ હતુ.
- આજે સાંજે આરોગ્ય વિભાગના અગ્રસચિવશ્રીએ વિડીયો કોન્ફરન્સ યોજી અને તંત્ર દ્વારા કોરોના સંક્રમણને નિવારવા માટે લેવાઈ રહેલા પગલાંઓની સમીક્ષા કરી હતી.
- જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આજે તંત્રના અધિકારીઓ સાથે ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરી હતી.

## સેકટર-૨૮ ખાતેથી ટાવેરા કારની ચોરી

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ ખાતે થી તાજેતરમાં ખુલ્લા પાર્કીંગમાં પડી રહેલી અલ્ટો કારની ચોરી થઈ હતી. ત્યારે ચોર ઈસમોએ ફરીવાર સેકટર-૨૮ ને નિશાન બનાવી ટાવેરા કારની ચોરી કરી છે. શહેરના સેકટર-૨૬ ખાતે રહેતા કનુજી ડાભી પાસે જી.જે.૧૮.એ.એકસ.-૪૬૩૦ નંબરની સફેદ કલરની શેવરોલેટ ટવેરા કાર હતકી. આ ગાડી સેકટર-૨૮ ખાતે રહેતો રાજન મલહોત્રા ભાડેથી ચલાવતો હતો.

# કોરોનાના કોહરામ વચ્ચે ઝળકી જવાબદારી અને કરૂણા...!!

(સમીર રામી)

ગાંધીનગર, તા.૨૨

આજે દેશભરમાં જનતા કરફયુ પાળવા માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશવ્યાપી જે આહવાન કરવામાં આવ્યું હતું તેને સમગ્ર દેશવાસીઓએ વધાવી લઈને દેશભરમાં સ્વયંભૂ જડબેસલાક જનતા કરફયુ પાળ્યો હતો. જયારથી વડાપ્રધાને આ આહવાન કર્યું હતું ત્યારથી સોશ્યલ મિડીયા પર જનતા કરફયુના દિવસે ઘરમાં કેવી રીતે આખા દિવસનો સમય પસાર કરવો તે અંગે જાતજાતની મજાકો ચાલી રહી હતી. જો કે આજે ગાંધીનગરમાં કેટલાક નાગરિકોએ જનતા કરફયુ દરમિયાન નવી પ્રવૃત્તિઓ કરી દેખાડી હતી કે તેને જાણીને કહેવાનું મન થાય કે 'કોરોનાના કહેર વચ્ચે કરૂણાના ઝરણાં' પણ વહી રહ્યા છે. આજે તમામ નાગરિકોએ કોરોનાના સંકટમાં ફરજ બજાવતા પોલીસ સેવા, તબીબી સેવા, સહયોગી સેવા, સફાઈકર્મીઓ, પત્રકારો વગેરે માટે જે તાલીઓ-થાળીઓ અને શંખનાદ વગાડી આભારનાદ વ્યકત કર્યો તેનો કેટલોક હિસ્સો આ વ્યકિતઓને ફાળે પણ જરૂર જવો જોઈએ.

**● પીડીપીયુની ગર્લ્સ એનસીસી કેડેટસે કોરોના જાગૃતિના પોસ્ટર્સ બનાવ્યા**

જનતા કરફયુ દરમિયાન નાગરિકોએ ઘરમાં પુરાઈ રહેવાનું હોવાથી છેલ્લાં કેટલાક દિવસથી ઘરમાં સમય પસાર કેવી રીતે કરવો તે અંગે સોશ્યલ મિડીયા પર અવનવી મજાક તો ચાલી રહી હતી પરંતુ ન્યુ ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીના એનસીસી વિભાગની વિદ્યાર્થીનીઓએ આ સમયનો ઉપયોગ પણ કોરોના સામે જનજાગૃતિ ફેલાવવાના કાર્યમાં ઉપયોગી થઈ શકે તેવી પ્રવૃત્તિ કરીને એક પ્રેરક ઉદાહરણ પ્રસ્તુત કર્યુ હતું. આ વિદ્યાર્થીનીઓએ પોતાના ઘરમાં રહીને 'કોરોના જાગૃતિ' અંગેના પોસ્ટર્સ તૈયાર કર્યા હતા જેને આવનારા સમયમાં જનજાગૃતિ માટે ઉપયોગ કરાશે. એનસીસી કેડેટસ હોવાને નાતે રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારીમાં હંમેશા તત્પર રહેવાની તેમની પ્રતિજ્ઞા આ રીતે નિભાવી હતી અને એક પ્રેરક ઉદાહરણ પરું પાડયું હતું.

**● ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરિવારોને નાસ્તા-ફળોનું વિતરણ**

ગાંધીનગરમાં કોરોનાને પગલે જનતા કરફયુમાં નાગરિકોએ ઘરમાં પુરાઈ રહેવાનું મુનાસિબ સમજયું તે ઘણી આવકારદાયક બાબત છે પરંતુ બીજી તરફ શહેરના ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતા શ્રમજીવી પરિવારો જેઓ 'રોજે રોજ કમાઈને રોજે રોજ ખાય' તેવી પરિસ્થિતિમાં જીવે છે ત્યારે આ સમયે તેમને યાદ રાખીને તેમના બાળકો ભૂખ્યાં ન રહે તે હેતુથી શહેરના કેટલાક નાગરિકો દ્વારા સ્વયંભૂ રીતે નાસ્તા, તૈયાર ખોરાક તથા ફળફળાદિનું વિતરણ કરવામાં આવ્યું હતું. સેકટર-૬માં આ રીતે જરૂરિયાતમંદોને વિતરણ કરવાના સેવા કાર્યમાં અંજના રાઠોડ, કિંજલ રાઠોડ તથા રાજેશ પ્રજાપતિ વગેરે જોડાયા હતા.

**● જરૂરિયાતમંદો સાથે ડાઘુઓને પણ નાસ્તો-પાણી પહોંચાડયા**

મતભેદ ગમે તેટલાં હોય પરંતુ જયારે વાત રાષ્ટ્રહિતની આવે એટલે કોઈ મનભેદ ન હોવો જોઈએ. પાટનગરમાં આજે જનતા કરફયુ દરમિયાન આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદના ગાંધીનગર એકમ દ્વારા જરૂરિયાતમંદોને સુકા નાસ્તા અને પાણીની બોટલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ સેવા કાર્ય દરમિયાન અમિયાપુર ગામના એક પરિવારમાં કોઈનું મરણ થયું હતું. જયાં એએચપીના કાર્યકર્તાએ પહોંચી જઈને નાસ્તો-પાણીપુરા પાડવાનું સેવાકાર્ય કર્યું હતું.

# પાંચ એવા વાયરસ કે જેણે દુનિયાને ફફડાવી હતી, હવે દુનિયાના માથે 'ક્રાઉન' લાગી ગયો

## ૨૬ વર્ષ પહેલાં સુરતમાં મરકી નામના રોગચાળાએ હાહાકાર મચાવી દીધો હતો

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

વિશ્વમાં અત્યારે ખળભળાટ મચાવતા નોવેલ કોરોના વાયરસનું સંક્રમણ હજી તો ચાલુ છે, પરંતુ વિશ્વના દેશોમાં વાયરસનો ઈતિહાસ ચોંકાવનારો છે. વિશ્વમાં એવા પાંચ વાયરસ પેદા થયેલા છે કે જેના કારણે કરોડો લોકોના અકાળે મોત થયાં છે. સૌ પ્રથમ સ્પેનિશ ફ્લૂ જે જેને વિશ્વમાં સૌથી વધુ ભયાનક માનવામાં આવે છે. ૨૦મી સદીની એ ઘાતક બિમારી હતી. ૧૯૧૮ થી ૧૯૧૯ દરમ્યાન ફેલાયેલા આ ફ્લૂના કારણે અઢી કરોડ લોકોના મોત થયાં હતા. એનસાઈક્લોપિડીયા બ્રિટાનિકાના જણાવ્યા પ્રમાણે સ્પેનિશ ફ્લૂના કારણે ભારતમાં ૧.૨૫ કરોડ લોકો માર્યા ગયા હતા, જ્યારે અમેરિકામાં ૫.૫૦ લાખ લોકો મોતને ભેટ્યા હતા. બીજો ઘાતક એશિયન ફ્લૂ હતો. ૧૯૫૯માં ઈસ્ટ એશિયામાંથી શરૂ થયેલા આ વાયરસના કારણે ૨૦ લાખ લોકો મોતને ભેટ્યા હતા. અમેરિકામાં પણ આ વાયરસના કારણે ૬૮૦૦૦ લોકોના મોત થયાં હતા. ત્રીજો હોંગકોંગ ફ્લૂ ૧૯૬૮માં ફેલાયો હતો. આ વાયરસની શરૂઆત ચીનમાંથી થઈ હતી અને ૧૯૭૦સુધી વાયરસ ચાલ્યો હતો. આ વાયરસના કારણે ૧૦ લાખ લોકો મોતને ભેટ્યા હતા. ચોથા રોગચાળામાં સાર્સ આવે છે જે ૨૧મી સદીનો વાયરસ છે. ૨૦૦૨માં ચીનના ગ્વાંગડોંગમાં સૌ પ્રથમ દેખાયો હતો. એકલા ચીનમાં ૮૦૦ લોકોના મોત થયાં હતા. જો કે તેને ૨૦૦૩ સુધીમાં કાબૂમાં લેવાયો હતો. સાર્સ એ કોરોના વાયરસનું સ્વરૂપ કહેવાય છે. ૨૦૦૯માં વિશ્વમાં પાંચમો વાયરસ સ્વાઈન ફ્લૂ આવ્યો હતો જેનો ભોગ ખુદ નરેન્દ્ર મોદી બની ચૂક્યાં છે. આ વાયરસ મેક્સિકોના લા ગ્લોરિયામાં જોવા મળ્યો હતો. ભારતમાં સ્વાઈન ફ્લૂના કારણે ૨૦૧૦ના પ્રથમ વર્ષમાં ૧૭૦૦ લોકોના મોત થયાં હતા, ૨૦૧૫નું



વર્ષ સ્વાઈન ફ્લૂ માટે સૌથી ખરાબ હતું. એક જ વર્ષમાં દેશમાં ૧.૩૭ લાખ કેસ નોંધાયા હતા જે પૈકી ૧૦,૬૦૦ના મોત થયાં હતા. ગુજરાતમાં સ્વાઈન ફ્લૂના કારણે ૧૮૦૦ના મોત થયાં છે.

**● ખરૂં ભારત બંધ આ ને કહેવાય, સ્વયંભૂ બંધ...**

સરકારના નિર્ણયો સામે અથવા તો અન્યાય સામે ભારત બંધના એલાનો આપણે ખૂબ જોયાં છે. છાસવારે બંધના એલાન આપતાં નેતાઓએ આંખો ખોલવાનો સમય આવ્યો છે. લોકોને બાનમાં લેતાં વિપક્ષો કે શાસક પક્ષના નેતાઓએ બોધપાઠ લેવો જોઈએ કે ભારત બંધ આ ને કહેવાય... વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા જનતા કરફ્યુના એલાનને જડબેસલાક સમર્થન મળ્યું છે. આ સમર્થનનું મુખ્ય કારણ લોકોમાં વ્યાપેલો ભય છે. કોરોના વાયરસના સંક્રમણને ખુદ લોકોએ ગંભીરતાથી લીધું છે. રવિવાર સંપૂર્ણ અને સજ્જડ બંધ રહ્યું છે. સત્ય હોય ત્યાં સાથ હોય છે તેવી ગુજરાતી કહેવત છે. આ કહેવત સાચી પડી છે. લોકોની હકીકતમાં ભલાઈ થતી હોય ત્યાં લોકો તો સાથ આપે જ છે પરંતુ રાજકીય ખિચડી પકવવા માટે અપાતા બંધમાં હિંસા સિવાય કંઈ હોતું નથી. જનતા કરફ્યુમાં હિંસાની એકપણ ઘટના સામે આવી નથી. પોલીસ લાઠીચાર્જ થયો નથી. ગોળીબાર થયાં નથી. લોકોએ આરામ અને ખુશીથી રવિવારની રજાનો પુરેપુરો ઉપયોગ પરિવારની સાથે રહીને કર્યો છે.

**● કોરોના એટલે ક્રાઉન – આપણે નથી જોઇતો મુકુટ...**

કોરોના વાયરસ કેટલાક વિષાણું પ્રકારોનો સમૂહ છે જે સ્તનધારીઓ અને પક્ષીઓમાં જોવા મળે છે. આ આરએનએ વાયરસ હોય છે. માનવોમાં તે શ્વાસતંત્રને ડિસ્ટર્બ કરે છે. આ રોગચાળાને અટકાવવા માટે હજી સુધી કોઈ રસી બની શકી નથી. ચીનના વુહાન શહેરમાંથી શરૂ થયેલા આ વાયરસનું સંક્રમણ તેજીથી ફેલાઈ રહ્યું છે. ડબલ્યુએચઓએ તેનું નામ કોવિદ-૧૯ રાખ્યું છે. લેટીન ભાષામાં કોરોનાનો અર્થ મુકુટ (ક્રાઉન) થાય છે. આ વાયરસના કણો આજુબાજુમાં ઉભરેલા કાંટા જેવા ઢાંચામાં હોય છે. ઈલેક્ટ્રોન શૂક્ષ્મદર્શીમાં તેનો આકાર મુકુટ જેવો દેખાય છે. આ વાયરસ પણ પશુઓ દ્વારા ફેલાયેલો છે. ચીનના હુઆનન સીફૂડ હોલસેલ માર્કેટમાં લોકો ખરીદી માટે આવતા હોય છે. આ માર્કેટમાં જીવિત અને સ્થળ પર વધ કરેલા જાનવરને વેચવામાં આવે છે. અમેરિકન નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ હેલ્થના એક રિસર્ચમાં કહેવામાં આવ્યું છે કે કોઈપણ વ્યક્તિના થૂંકમાં આ વાયરસ ત્રણ થી ચાર કલાક જીવિત હોય છે અને હવામાં તરી શકે છે. જો આ કણો દરવાજાના હેન્ડલ કે લિફ્ટના બટન પર હોય તો તે ૨૪ કલાક સુધી એક્ટિવ હોય છે. જો સ્ટીલ પર આ કણો ચોંટેલા હોય તો બે થી ત્રણ દિવસ સુધી એક્ટિવ રહે છે. કપડાં જેવી નરમ જગ્યાએ વાયરસ લાંબા સમય સુધી રહેતો નથી. મહત્વની બાબત એવી છે કે સીએઆઈટીના રાષ્ટ્રીય અધ્યક્ષ બીસી ભારતીય અને મહાસચિવ પ્રવીણ ખંડેલવાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે અને કહ્યું છે કે કાગળથી બનેલી કરન્સી નોટો મહામારી બની ચૂકેલા કોરોના વાયરસના ફેલાવામાં સહાયક બની શકે છે. ભારતીય રીઝર્વ બેન્કે પણ કહ્યું છે કે કરન્સીનો ઉપયોગ બંધ કરીને લોકોએ ઓનલાઈ પેમેન્ટના વિકલ્પો પસંદ કરવા જોઈએ.

**● આખરે ધારાસભ્યો પણ આપણા ભાઇ છે...**

ગુજરાતમાં વિધાનસભાનું બજેટ સત્ર ચાલી રહ્યું છે અને ૨૬મી માર્ચે રાજ્યસભાની ચાર બેઠકોની ચૂંટણી છે ત્યારે રાજકીય કાવાદાવા બાજુએ મૂકીને બજેટ સત્ર બંધ કરવાની વિપક્ષ કોંગ્રેસના નેતા પરેશ ધાનાનીએ કરેલી અપીલને ગુજરાત સરકારે ફગાવી દીધી હતી પરંતુ પરિસ્થિતિ ગંભીર વળાંક લેતાં હવે ખુદ સરકાર વિચારણા કરવા મજબૂર બની છે. નાયબ મુખ્યમંત્રીની અપીલથી ભારતનું ચૂંટણી પંચ રાજયસભાની ચૂંટણી મુલતવી રાખશે અને રાજ્ય સરકાર વિધાનસભાના બજેટ સત્રને બંધ કરશે. આખરે ધારાસભ્યો પણ આપણા ભાઈઓ છે. સરકાર સામાન્ય લોકોની સલામતીની ચિંતા કરતી હોય તો તેમના પોતાના સાથીમિત્રોની ચિંતા કરે તે જરૂરી હતું. ધારાસભ્યોની સાથે સાથે ફિલ્ડમાં કામ કરતાં સરકારી ઓફિસરો અને કર્મચારીઓની પણ તકેદારી રાખવી એ સરકારની ફરજ છે. છેલ્લા ત્રણ દિવસથી જાહેરમાં નહીં પણ ખાનગીમાં ભાજપના કેટલાક ધારાસભ્યો ચર્ચા કરતા હતા કે આપણી સરકારે રાજનીતિને બાજુએ રાખીને વિધાનભાનું સત્ર ટૂંકાવવું જોઈએ. રાજ્યની જનતાને ઘરમાં રહેવાની સલાહ આપતાં અમારા નેતાઓ પણ તેમના ઘરમાં રહે તે જરૂરી છે. કપરો અને કસોટી કાળ પૂર્ણ થયા પછી જે પાર્ટીને રાજનીતિ કરવી હોય તે બિન્દાસ કરી શકે છે.

**● પ્લેગથી પણ વિશ્વમાં કરોડો લોકો મૃત્યુ પામ્યા છે...**

ભારત અને ગુજરાતમાં કોરોના વાયરસ ફેલાયો છે ત્યારે એક સમયે સુરતમાં ફેલાયેલા મરકી એટલે કે પ્લેગના રોગચાળાએ અડધું સુરત ખાલી કરાવી દીધું હતું. આ રોગચાળો પણ ચીનથી ફેલાયેલો છે. પ્લેગ યેર્સિનિયા પેસ્ટીસ નામના જીવાણું વડે થાય છે. આ જીવાણું ઉંદર દ્વારા થાય છે અને ત્યારબાદ માનવ થી માનવમાં ફેલાય છે.



આજના સમયમાં લગભગ લુપ્તતાને આરે આવેલા મરકીના રોગે સેંકડો વર્ષો સુધી સમગ્ર વિશ્વની માનવજાતને પોતાનુ રૌદ્ર સ્વરૂપ દેખાડ્યું છે. મરકીનો ઉલ્લેખ આશરે ઈસવીસન પૂર્વે ૧૧૦૦ (૩૧૦૦થી વધુ વર્ષ પહેલા)માં લખાયેલા હિબ્રુ બાઈબલમાં જોવા મળે છે. થસાયડાયડસ નામના ગ્રીક ઈતિહાસકારના વર્ણન પ્રમાણે ઈ.સ. પૂર્વે ૪૩૦માં મરકીનો ચેપ ઈથિયોપિયાથી ઈજિપ્ત, ઈજિપ્તથી લિબીયા અને ત્યાંથી ગ્રીસમાં પહોચ્યોં અને ગ્રીસના એથેન્સ શહેરની ત્રીજા ભાગની વસતી આ રોગમાં સપડાઈને મોતને ભેટી હતી. પ્લેગનો પ્રથમ હુમલો ઈ.સ. ૫૪૧થી ૭૫૦માં ઈજિપ્તથી લઈને ભૂમધ્ય પ્રદેશોમાં અને ઉત્તર-પશ્ચિમી યુરોપ સુધી ફેલાયો હતો. બીજો હુમલો ઈસ. ૧૩૪૫થી ૧૮૪૦ના સમયગાળામાં મધ્ય-એશિયાથી લઈને ભૂમધ્ય પ્રદેશમાં અને યુરોપમાં ઉપરાંત ચીનમાં પણ ફેલાયો હતો. અને ત્રીજો હુમલો ઈ.સ. ૧૮૬૬થી ૧૯૬૦ દરમ્યાન ચીનમાંથી વિશ્વના ઘણા ભાગોમાં પ્રસર્યો. જેમાં ભારતને પણ આ રોગ ભેટી ગયો હતો. બીજા હુમલામાં મરકીનો રોગ 'બ્લેક ડેથ' નામે જાણીતો થયો અને તે વખતે એ મૂળ ચીનમાંથી પ્રગટ્યો હતો અને આખા એશિયા, આફ્રિકા અને યુરોપને પોતાના સકંજામા લઈ લીધા હતા. ચીને પોતાના લગભગ અડધા ભાગની વસતી ગુમાવી હતી. યુરોપે પણ ત્રીજાભાગની વસતી ગુમાવી હતી. મૃતાંકની દ્રષ્ટિએ મરકી ઈતિહાસનો સૌથી ખતરનાક અને જીવલેણ હવા દ્વારા ફેલાતો ચેપીરોગ સાબિત થયો હતો. મરકીનો ત્રીજો હુમલો પણ ચીનમાંથી જ થયો હતો. ચીનનું યુનાન રાજ્ય એપિસેન્ટર બન્યું હતું. ૧૮૯૬માં પ્લેગ મુંબઈમાં પણ ત્રાટક્યો હતો. મરકી જૈવિક હથિયાર તરીકે ખાસ્સો લાંબો ઈતિહાસ ધરાવે છે. ઐતિહાસીક વિગતો મુજબ પ્રાચીન યુગના ચીનમાં અને મધ્ય યુગના યુરોપમાં મરકીનો યુદ્ધ સમયે હથિયાર તરીકે ઉપયોગ થતો હતો. હુણ, મોંગોલ, તુર્ક, અને બીજી કેટલીક પ્રજાતિ દુશ્મન રાજ્યના પાણીના સ્ત્રોતમાં મરકીના ચેપવાળા મૃત માનવ-શરીર કે પ્રાણી-શરીર નાખી અને પાણીને ચેપ-યુક્ત કરતી હતી. સુરતમાં ૧૯૯૪માં પ્લેગ ફેલાયો હતો. આ રોગચાળાએ સુરતમાં ૫૨ લોકોના જીવ લીધા હતા પરંતુ લાખો લોકો સુરતમાંથી સ્થળાંતર કરીને ભાગી ગયા હતા.

**● રોગ સાથે લડે તે શરીરને વાયરસ નડતો નથી...**

શરીરની રોગપ્રતિકાર કરવાની શક્તિ વધારે પાવરફુલ હશે તો કોઈપણ વાયરસ એવો નહીં હોય કે, તે શરીરમાં ઘૂસી શકે. તંદુરસ્તી એ આરોગ્યનો પાયો છે. વૈજ્ઞાનિકો કહે છે કે કુદરતના તમામ પદાર્થોનું સજીવ અને નિર્જીવમાં વર્ગીકરણ કરી શકાય છે પરંતુ ૫૦ નેનોમીટરનું કદ ધરાવતો વાયરસ એક એવો પદાર્થ છે કે જે અપવાદરૂપ છે. વૈજ્ઞાનિકો તેને જિન્દા-મુર્દાની કેટેગરીમાં મૂકે છે. વાયરસના પ્રતિકાર કરવા માટેનું તંત્ર (ઈમ્યુન સિસ્ટમ) શરીરની અંદર જ મોજૂદ હોય છે. આપણા શરીરમાં પણ યુદ્ધ જેવો માહોલ ઉભો થતો હોય છે. હુમલાનો પ્રતિકાર કરવા માટે શરીર તૈયાર હોય છે. કોરોનાના રોગનો ભોગ બનેલા મોટાભાગના હતભાગીઓ મોટી વયના સ્યુગર, હદય સબંધિત અને હાઈબીપી ધરાવતા જોવા મળ્યા છે. રોગ પ્રતિકારક તંત્ર બળવત્તર હોય ત્યારે ચમત્કાર સર્જાય છે. થોડાં દિવસ પહેલાં ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં જોવા મળ્યો હતો. વુહાનની ૪૭ વર્ષિય મહિલા કોરોના સાથે આવી હતી. પ્રાથમિક તપાસમાં મહિલાના ફેફસામાં સોજો ચઢ્યો હતો પરંતુ શરીરની અંદર ખેલાતા પ્રતિદ્રવ્યો વિરૂદ્ધ વિષાણુંના એક સપ્તાહ સુધી ચાલેલા સાઈલન્ટ યુદ્ધમાં આખરે મહિલાનો વિજય થયો. તેણીને બીજા સપ્તાહમાં રજા આપી દેવામાં આવી હતી. કોઈપણ જાતની દવા વિના રોગ પ્રતિકારક શક્તિને કારણે પણ દર્દી આપોઆપ સાજા થઈ જતા હોય છે. કોરોનાની રસી શોધાય નહીં ત્યાં સુધી આ સિસ્ટમ પર આપણે મદાર રાખવો પડે છે. આયુર્વેદમાં પણ કહ્યું છે કે—વ્યાધિક્ષમત્વ – એટલે કે ઈમ્યુનિટી. અશ્વગંધા અને મહાશુદર્શન જેવા ઓસડિયા આપણી પાસે છે. ભારતીય આયુર્વેદ રોગ થાય તે પહેલાં જ તેને અટકાવવાનો માર્ગ દર્શાવે છે.

## કાશ, પોલિટીકલ પાર્ટીનું ભારત બંધ આવું હોય, સત્ય હોય ત્યાં લોકો સાથ આપે કોઇપણ રોગચાળા માટે શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધારે હોવી ખૂબ જરૂરી છે